## વડીલોને વંદન
## અભિનંદન



કાન્તાબેન ગોરધનભાઈ પટેલ
(૧૯૨૫)ફોન:૨૩૨૨૦૦૮૫

## વિશ્વ યોગ દિન નિમિત્તે સેક્ટર-૩-ન્યુના બગીચામાં યોગ અંગે માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૧૬

વિશ્વ યોગ દિનની ઉજવણી નિમિત્તે તા. ૨૧ જૂનના રોજ સે. ૩(ન્યુ)ના બગીચામાં સવારે ૬ થી ૭ દરમ્યાન બાબા રામદેવના સંનિષ્ઠ યોગ શિક્ષક આર.આઈ. પંડ્યા દ્વારા યોગ, પ્રાણાયમ, આસનો અને જીવનશૈલીને લગતું જ્ઞાન યોગ દ્વારા અનેક રોગોનો સચોટ ઈલાજ માટે ઘરેલું ઉપચારની સલાહ આપવામાં આવશે. આ તકનો લાભ લેવા તમામ નગરજનોને આસન સાથે ઉપસ્થિત રહેવુ આમ વસાહત મંડળે જણાવ્યું છે.

## ‘પી ખરસાણીનો વેશ’ પુસ્તકનું ૧૯મીએ વિમોચન

ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકાર પી ખરસાણીએ વર્ષો સુધી ગુજરાતી રંગભૂમિના તખ્તાને વિવિધ પાત્રોની ભજવણીથી જીવંત અને ધમધમતુ રાખ્યું હતું. તેઓએ ભજવેલા વિવિધ પાત્રો અંગેના પુસ્તક ‘પી ખરસાણીનો વેશ’નું વિમોચન આગામી તા. ૧૯મી જૂનના રોજ સાંજે ૬ વાગે કન્વેન્શન હોલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પૂ. આચાર્યશ્રી તેજેન્દ્ર પ્રસાદજીના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે વિનોદ ભટ્ટ, માધવ રામાનૂજ, રજનીકુમાર પંડ્યા, જોરાવરસિંહ જાદવ, કાજલ ઓઝા વૈદ્ય, અશોક દવે તથા યોગેશ ગઢવી ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા પી. ખરસાણી પરિવારે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# બે માસ અગાઉ અપહરણ કેસમાં સંડોવાયેલ ત્રીજા આરોપીની ડીસા તાલુકા પોલીસ દ્વારા ધરપકડ

ડીસા, તા.૧૬

ડીસાનાં જાણીતા બિલ્ડર પોપટભાઈ નગાજી ઉર્ફે પી. એન. માળીનાં ભાઈ સુરેશભાઈ માળીનું બે માસ અગાઉ રાત્રે તેમના નિવાસસ્થાન રાણપુર ગામેથી અપહરણ થયું હતું, જે કેશમાં પોલીસે ગુનો દાખલ કરી અગાઉ બે ઈસમોની ધરપકડ કરી હતી જેમાં આજરોજ આ ગુનામાં સંડોવાયેલા ત્રીજા આરોપીની ડીસા તાલુકા પોલીસ દ્વારા ધરપકડ કરાઈ છે



તસ્વીર- ધનેશ પરમાર- ડીસા

આ ચકચારી ક્રાઈમ ની વિગત જોઈએ તો બનાસકાંઠા ના ડીસા માં પી.એન.માળી મોટા બિલ્ડર છે.જેથી તેમને ભીસમાં લેવા અને મોટી રકમ ખંડણી પેટે પડાવવા બાબુજી દલાજી માળી અને તેમના સાગરીતો એ બે માસ અગાઉ પી. એન. માળીનાં ભાઈ સુરેશભાઈ નગાજી માળીનું તેમના ફાર્મ હાઉસ રાણપુર ગામેથી વાહનમાં ધાકધમકી એ ફિલ્મી ઢબે અપહરણ કર્યું હતું, જે બાદ આરોપી એ તેના મોબાઈલ નમ્બર ૯૬૮૭૪ ૮૨૩૧૧ ઉપરથી બિલ્ડર પી. એન. માળીને પોતાના ભાઈ ને છોડાવવો હોય તો રૂપિયા ૨૫ લાખ ખંડણી પેટે આપવા પડશે તેવું જણાવતા આ મામલે તેમને ડીસા તાલુકા પોલીસ નો સંપર્ક સાધ્યો હતો, આ કેશમાં આરોપીઓં એ ૨૫ લાખ ની રકમ માંગતા જેતે સમયે ડીસા તાલુકા પોલીસ મથકે આઈ.પી.સી.કલમ ૩૬૪(અ), ૧૧૪ મુજબ ફરિયાદ નોધાઈ હતી, અને પી. આઈ. ભદોરિયા અને ટીમે જીલ્લાભરમાં નાકાબંધી કરાવી હતી, જેથી જીલ્લાની તમામ પોલીસ આ આરોપીઓંને શોધવા કામે લાગતા આરોપીઓં રાજસ્થાનની બોર્ડર નજીક અપહુત સુરેશભાઈ માળીને ખેતરોમા જ મૂકી ભાગી છુટ્યા હતા, જે બાદ પોલીસે સુરેશભાઈનો કબજો મેળવ્યો હતો.

આ સમગ્ર મામલે જીલ્લાભરમાં ભારે ચકચાર મચ્યો હતો, જોકે ડીસા તાલુકા પોલીસે જેમનું અપહરણ થયું તે સુરેશભાઈ માળીને શોધી કાઢી તેમનું અપહરણ કરનારા આરોપીઓં સામે ગુનો નોધ્યો હતો જેમાં એકમાસ અગાઉ મુખ્ય આરોપી બાબુજી દલાજી માળી અને તેના સાગરિત ભરતભાઈ ઈશ્વરભાઈ પંચાલને પોલીસે ઝડપી જેલમાં ધકેલ્યા હતા, જયારે અન્ય આરોપીની શોધમાં ફરતી પોલીસે આજરોજ ત્રીજા આરોપી પ્રભાતસિહ મગનસિહ વાઘેલા રહે. ધાનપુરાની પણ ધરપકડ કરી છે, જેને કોર્ટમાં રજુ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લીમાં યોગ દિવસની તડામાર તૈયારીઓ

### જિલ્લાના ૧૦૬૧ સેન્ટર પર ૨૧ જૂને ૧ લાખથી વધુ બાળકો યોગ કરશે

અરવલ્લી, તા. ૧૬

૨૧ જૂને વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ૧૦૬૧ સેન્ટરો ઉપર ૧ લાખથી વધુ બાળકો યોગમાં ભાગ લેનાર છે.

ભારતની વર્તમાન સરકાર દ્વારા યોગ પર ભાર મુકવામાં આવ્યો છે અને ભારત દેશ સમગ્ર વિશ્વમાં વિકસિત દેશની હારમાળામાં ઉભી રહેવા સક્ષમ બન્યું છે ત્યારે ૨૧ જૂનને સમગ્ર ભારત દેશમાં યોગ દિનની ઉજવણી થનાર છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ યોગ દિનની ઉજવણીની તડામાર તૈયારીઓ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આ યોગ શિબિરમાં જિલ્લાના ૧૦૬૧ સેન્ટરો ઉપર ૧ લાખથી વધુ બાળકો યોગમાં ભાગ લેનાર છે. જે સંદર્ભે મોડાસા તાલુકાના ૯ સેન્ટરો ઉપર યોગ માસ્ટર ટ્રેનર દ્વારા ટ્રેનીંગ આપશે. જેમાં મોડાસાના પ્રાંત ઓફિસર, મામલતદાર, નગરપાલિકા ચીફ ઓફિસર તથા મોડાસા ટી.ડી.ઓ. અને ટિકેએન જેવા અધિકારીઓની દેખરેખ હેઠળ આ યોગની તાલીમ ચાલશે. આ તાલીમ માટે વિડીયો સીડી તથા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)



(તસવીર : જય અમીન, મોડાસા)

## અરવલ્લીના ૯૦૦ શકિતકેન્દ્રો પર મહાસંપર્ક અભિયાનનો પ્રારંભ

અરવલ્લી જિલ્લાના તમામ ૬ તાલુકાઓ અને ગામે ગામના શકિત કેન્દ્ર ઉપર અરવલ્લી ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને કાર્યકરો દ્વારા હાથ ધરાયેલા મહાસંપર્ક અભિયાનમાં અરવલ્લી જિલ્લાના પ્રભારી, જિલ્લા પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ તાલુકા પ્રમુખ, અરવલ્લી જિલ્લા પંચાયત અધ્યક્ષ, આગેવાનો જોડાયા હતા. ભાજપા દ્વારા ગામડાઓના લોકો વચ્ચે જઈ મહાસંપર્ક દ્વારા ભાજપામાં જોડવા કવાયત હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લાના પ્રભારીથી માંડીને જિલ્લા સંગઠનના પ્રમુખ અરવલ્લી જિલ્લા પંચાયતના અધ્યક્ષ, સહકારી આગેવાનો, પૂર્વ ધારાસભ્યો અને ભારતીય જનતા પાર્ટીના અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, પૂર્વ ધારાસભ્યો, વિવિધ સંગઠનોના પ્રમુખો, યુવા મોરચાથી લઈ જિલ્લાના પીઢ આગેવાનો પણ આ મહાસંપર્ક અભિયાનમાં જોડાતા ગામડાઓમાં ભાજપાના મહાસંપર્ક અભિયાનના લીધે ગામડાઓ ધમધમી રહ્યા છે. જિલ્લા પ્રમુખ ભરતસિંહ રહેવર અને જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈ રહ્યા છે. મહાસંપર્ક અભિયાન અંતર્ગત ગામડાઓ અને શહેરોના વિવિધ વિસ્તારોમાં દરેક સમાજના લોકોની મુલાકાત કરીને સભ્યપદ પ્રાપ્ત વ્યકિતઓના સભ્ય સંખ્યા ક્રમાંકની પુષ્ટી કરવામાં આવી હતી અને જરુરી ફોર્મ ભરવામાં આવ્યા હતા અને ભાજપાનું સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

## પાલનપુર નજીક ભાગળ(જ)નો તલાટી પાંચસોની લાંચ લેતા ઝડપાયો

પાલનપુર, તા. ૧૬

પાલનપુરના ભાગળ(જ) ગામના તલાટીને પાલનપુર એ.સી.બી.ની ટીમે રંગેહાથ રૂ. પાંચસોની લાંચ લેતા ઝડપી પાડ્યો હતો.

પાલનપુર નજીક ભાગળ (જગાણા) ગામ આવેલું છે. જ્યાં તલાટી તરીકે હરેશ ચૌધરી ફરજ બજાવે છે. દરમિયાન આ ગામમાં જ રહેતા રહેમતુલ્લા એસ. મોરીયાની ભત્રીજીના જન્મના પ્રમાણપત્રમાં કોઈ ભુલ હતી જે સુધારવા તલાટીએ અરજદાર પાસે તલાટી ચૌધરી રૂ. ૫૦૦ની લાંચની માંગણી કરી હતી. જે અંગે ફરિયાદી રહેમતુલ્લાએ પાલનપુર એ.સી.બી.નો પી.એસ.આઈ. સી.કે. પટેલનો સંપર્ક કરી ફરિયાદ આપતા આજે એ.સી.બી.ની ટીમે છટકું ગોઠવી ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી લાંચ સ્વિકારતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અમીરગઢના બાલુન્દ્રા ગામે આદિવાસી યુવક પર ત્રણ રીંછે એકીસાથે હુમલો કર્યો

### ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર ખસેડાયો

પાલનપુર, તા.૧૬

અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ગામ પાસે એક આદિવાસી યુવક પર ત્રણ રીંછે એકી સાથે હૂમલો કર્યો હતો. બુમા બૂમ કરતા આસપાસ લોકો લોકોએ દોડી આવી ઘવાયેલા યુવકને ૧૦૮ની મદદથી પાલનપુર સારવાર અર્થે ખસેડ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અમીરગઢ ઈકબાલગઢ પંથકમાં અવારનવાર લોકો ઉપર રીંછના હુમલાની ઘટનાઓ વધી રહી છે.વધુ એક ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ગામેથી કેદારનાથ મંદિર તરફ જવાના માર્ગે રતનાભાઈ ધ્રાંગી શુક્રવારની સવારે પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન નજીકના જંગલમાંથી અચાનક ધસી આવેલા ત્રણ રીંછે તેની પર હુમલો કર્યો હતો. ત્યારે રીંછની ચુંગાલમાંથી છુટેલા યુવાને બુમાબુમ કરતાં નજીકમાં રહેતા લોકો દોડી આવ્યા હતા. બાદમાં ૧૦૮ના પાયલોટ લવજીભાઈ તેમજ અરવિંદભાઈ અને ઈ.એમ.ટી. જયેશભાઈની મદદથી ઘવાયેલા યુવક રતનાભાઈને સારવાર અર્થે પાલનપુર લઈ જવાયો હતો. ઘટનાને પગલે સમગ્રપંથકના લોકોમાં ભયની લાગણી પ્રસરી ગઈ હતી.

# પ્રાંતિજના બે વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી અનોખી થ્રી વ્હીલર સાયકલ આકર્ષણનું કેન્દ્ર

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા બે વિદ્યાર્થીઓએ થ્રી વિલ્સની સાયકલ બનાવી જ્યારે સાયકલ હાલ પ્રાંતિજવાસીઓ માટે આકર્ષનું કેન્દ્ર બની છે.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા ધોરણ અગિયારમાં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થી હિમાંશુ વાસુદેવ રાવલ તથા લુહાર મહંમદ શાહીલ કે બન્ને સ્કૂલે આવતા જતા જોડે હોય છે અને બન્ને ખાસ મિત્રો છે. અને બન્નેને બાળપણથી જ કઈ અવનવું કરવામાં માહિર છે. જ્યારે વેકેશન દરમ્યાન બન્ને મિત્રોએ ભંગારમાંથી બે સાઈકલો લાવી ત્રણ ટાયરની સાઈકલ બનાવી છે. જે માત્ર ૧૭ દિવસમાં માત્ર પાંચ હજારની અંદર ખર્ચ સાથે જાતે લુહારી કામ વેલ્ડીંગનો ઉપયોગ કરી બનાવી છે. અને બજારમાં પણ ફરવા કે કોઈ વસ્તુની ખરીદી માટે નિકળે છે ત્યારે લોકોમાં સાઈકલ આકર્ષણનું કેન્દ્ર બની છે. અને લોકોના ટોળેટોળા આ બન્ને વિદ્યાર્થી મિત્રોએ બનાવેલ સાયકલ પાસે ઉમટી પડે છે.



જ્યારે માત્ર નજીવી ખર્ચે તૈયાર થયેલ આ સાઈકલ હાલ તો બન્ને મિત્રો એક સાથે બજારમાં સાઈકલ ઉપર નિકળતાં શોલે ફિલ્મનું ગીત તો જરૂર યાદ કરાવી આપે છે કે દોસ્તી હમ નહીં તોડેંગે...

# પાલનપુર નારી સંરક્ષણ ગૃહના પારણામાં તાજી જન્મેલી બાળકી તરછોડાઈ

પાલનપુર, તા.૧૬

પોતાના બાળક ને એક નાનકડી ખરોચ પણ આવી જાય તો માંનું



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હ્રદય ધબકવાનું ચુકી જાય છે, પરંતુ બનાસકાંઠામાં એક દિલ વિનાની માંએ પોતાની જ કુખે જન્મેલ નવજાત બાળકીને રજડતી છોડી દીધી,

આ માસુમ ફૂલ જેવી કોમલ બાળકી એ હજુ તો આંખો પણ નથી ખોલી ત્યાં તો તેની જનતા તેની બેસહારા હાલતમાં નારી સંરક્ષણ ગૃહ ના દરવાજા બહાર મુકેલ આ પારણા માં પથ્થરદિલ માતા તેની જ તાજી જન્મેલ બાળકી ને તરછોડી ને ફરાર થઈ ગઈ, જોઈને જ જેના પર વ્હાલ વરસાવવા નું મન થઈ જાય તે નવજાત બાળક ને તેની જ જનેતા એ નારી સંરક્ષણ ગૃહ માં રજડતી છોડી દીધી.માં નું હ્રદય મમતા થી ભરેલું હોય છે, પરંતુ આ બાળકી ને જન્મ આપનાર તેની માતા ની મમતા જ મારી પરવારી હોય તેમ તેને જન્મ આપતાની સાથે દુનિયાની ઠોકરો થવા એકલી મૂકી ચાલી ગઈ. બાળકી ને પાલનપુર સિવિલ ના એન.એસ.આઈ.વોર્ડ માં શિફ્ટ કરાવી અજાણી મહિલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાવી, સિવિલ હોસ્પિટલના તબીબ અને નરશ હાલ આ બાળકી ના આરોગ્ય પર ચોવીસ કલાક નજર રાખી રહ્યા છે

# નંદન કુરિયર સર્વિસે ‘ટેલી ટ્રેકીંગ’ સિસ્ટમ શરૂ કરી

ગાંધીનગર, તા.૧૬

ભારતની અમદાવાદ સ્થિત શ્રી નંદન કુરિયર સર્વિસ લીમીટેડે કોઈ પણ ફોનના માધ્યમથી કન્સાઈન્મેન્ટને ટ્રેક કરવાની સુવિધા ‘ટેલી ટ્રેકીંગ’ (૧૮૬૦ ૨૩૩૧૮૬૦) ઉપલબ્ધ બનાવી આ પ્રકારની સેવા લોન્ચ કરવાની સર્વપ્રથમ ભારતીય કુરિયર કંપની તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમ કંપનીના ચેરમેન જીવનભાઈ ભોગયતાએ જણાવ્યુંહતું.



આજે અમદાવાદ ખાતે શ્રી નંદન કુરિયર સર્વિસ પ્રા.લી.ના બે વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી સંદર્ભે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા કંપનીના ચેરમેન જીવનભાઈ ભોગયતાએ જણાવ્યું હતું કે સાંપ્રત સમયમાં અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગો સેવા ક્ષેત્રની અસરકારકતાને નવું પરિણામ આપ્યું છે. ટેલી ટ્રેકીંગ સેવાના માધ્યમથી કંપની ગ્રાહકોના સંતોષને નવા સ્તરે લઈ જશે.


તેમના જણાવ્યા પ્રમાણે ટ્રેકીંગ સેવા પુરી પાડનારી દેશની સૌ પ્રથમ કંપની અને ક્રિસીલ રેટીંગ ધરાવતી ગુજરાતની એક માત્ર કંપની છે. કંપનીના માર્કેટીંગ ડાયરેકટર રમેશભાઈ ભોગયતાએ જણાવ્યું હતું કે આજથી ૨ વર્ષ પૂર્વે કંપનીએ ૮ શાખાઓથી શરૂ કરી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧,
ફોન - ૨૩૨૩૭૫૭૧

## શબ્દાવલી - ૫૭૬૨



### આડી ચાવી

૧. કદરુપુ, ખરાબ દેખાવવાળુ (૩)
૪. જેને દેહ કે શરીર હોય તેવું (૪)
૭. સુંદર, સ્વરુપવાન સ્ત્રી(૩)
૮. રહે, વસવાટ કર (૨)
૯. કમાવું (૩)
૧૦. ૩ની સંખ્યા શબ્દોમાં (૨)
૧૧. ઘોડાનો પ્રિય ખોરાક, કઠોળ(૨)
૧૨. ગાગર, માંડણી, ઉભણી(૨)
૧૩. મમ, ખાવાની ચીજ (૨)
૧૪. સારું, નરસું (૪)
૧૫. દુ:ખની કરૂણ ચીસ (૩)
૧૭. કાર્ય, કાજ (૨)
૧૮. લજ્જા, લાજ (૩)
૧૯. વિસ્તાર, લંબાઇ-પહોળાઇનું માપ (૨)
૨૦. ફેણનું ઊંધું (૨)

### ઊભી ચાવી

૧. મહાભારતના યુદ્ધનું મેદાન (૪)
૨. એક ધાતુ, ચાંદીનું, ... નું (૨)
૩. બરણી કે કેનમાંથી ઘી-તેલ વગેરે પ્રવાહી કાઢવાનું ધાતુનું વાસણ (૨)
૪. ચર્ચ, ખ્રિસ્તીનું ધર્મસ્થાન (૩)
૫. મુસ્કુરાવું, મુસ્કુરાહટ (૩)
૬. મનામણાનું વિરોધી (૪)
૯. આડુઅવળુ, જેમતેમ (૪)
૧૧. કરામત, અલૌકિક ક્રિયા(૪)
૧૨. પ્રિયા, પ્રિયતમા (૩)
૧૩. દિવાસળીની પેટી (૩)
૧૭. તુચ્છ (૩)
૧૬. ખેલ (૩)

### શબ્દાવલી ૫૭૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેકરી (૩) સફળતા (૫) ધરાહાર (૬) રસમ (૮) યજમાન (૧૧) કામી (૧૨) માતા (૧૩) સુજ (૧૪) રીયાઝ (૧૫) ઝામર (૧૬) નાપાક (૨૦) હળદર (૨૨) નકટો

**ઊભી ચાવી :-** (૧) બેદરકારી (૨) રીધમ (૩) સહાયતા (૪) ફરજ (૭) સમીયાણો (૯) માસુમ (૧૦) નજરકેદ (૧૫) ઝાકળ (૧૭) પાહટો (૧૮) ભાળ (૧૯) બેન (૨૧) વગ

## યોગ દિવસ ઉજવાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. ભરુચમાં ઐતિહાસિક બ્રીજ ખાતે યોગ ઓન દ રીવરની થીમ પર ૫૦૦ શણગારેલી નૌકાઓમાં યોગનું નિદર્શન કરાશે. જીએમડીસી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે ૨૧મી જૂનના રોજ યોજાનાર કાર્યક્રમમાં વિવિધ ધર્માચાર્યો, ધાર્મિક સ્વૈચ્છિક સંગઠનોના આગેવાનો, ન્યાયતંત્રના મહાનુભાવો, કોર્પોરેટ જગતના આગેવાનો તથા શહેરની જનતા વિશાળ સંખ્યામાં ઉપસ્થઈત રહે તેવું આયોજન કરાયું છે. રાજ્ય સરારે વિશ્વ યોગ દિવસની ઉજવણીને ગૌરવવંતી બનાવવા રાજ્ય સરકારના મંત્રીઓની બનેલી કમિટિની રચના કરવા ઉપરાંત પ્રભારી સચિવોના અધ્યક્ષસ્થાને જિલ્લા અને તાલુકા સ્તરની સમિતિઓની રચના પણ કરેલી છે. આ સમિતિઓ દ્વારા સ્થાનિક જનતા જનાર્દનના સહયોગથી જિલ્લા, તાલુકા, નગર, કોર્પોરેશન સંસ્થાઓ દ્વારા જાહેર ઉદ્યાન, મેદાન, કમ્પાઉન્ડ સહિત સ્થાનિક, ક્ષેત્રિય સ્તરે તારવણી કરાય તે માટે દરેક કેન્દ્રના સંકલન અધિકારીની નિમણૂંક સાથે સંસ્થાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પ્રશિક્ષકો અને બાયસેગના પ્રસારણનો પણ સહયોગ લેવાયો છે. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રાથમિક શિક્ષણ, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણી ઉપરાંત વાણિજ્યિક વેરા કમિશનર પીડી વાઘેલા, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ કમિશનર મનિષ ભારદ્વાજ, અમદાવાદ જિલ્લા કલેક્ટર રાજકુમાર બેનીવાલ વગેરે ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટેન્ડર નોટીસ

આથી રસ ધરાવતા તમામ વહેપારી ભાઈઓ તથા મજુરીકામ કરતાં ઈસમોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકાને પાણી પુરવઠા શાખા દ્વારા દરેક સાઈઝની પી.વી.સી. પાઈપ તથા ફીટીંગ્સ માલ સામાન, જુદા જુદા એચ.પી.ની સબમર્સીબલ મોટર પંપ ખરીદી, મોટર પંપને બોરમાંથી બહાર અંદર કરવાનું કામ તેમજ રીપેરીંગ કામ, ઈલેક્ટ્રીફીકેશન માલ સામાન ખરીદી, ક્લોરીનેશનની કામગીરી માટે, વાલ્વોની પાઈપનું રીપેરીંગ કામ તથા જમીનમાં ખોદકામ કરી પાઈપ લાઈન નાંખવાનું કામ વિગેરે કામો વાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી આપવાના હોઈ આ અંગેના ભાવો તા. ૩૦/૬/૨૦૧૫ સુધીમાં નગરપાલિકા કચેરીએ આર.પી.એ.ડી.થી મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

કામની ટેન્ડર કોપી તા. ૨૨/૬/૨૦૧૫ સુધી ટેન્ડર ફી રૂ. ૨૦૦/- ભર્યેથી આપવામાં આવશે.

નં.ન.પા./પા.પુ./માલ સામાન મજુરી ભાવો/વશી ૨૦૧૫-૧૬
નગરપાલિકા કચેરી
ડીસા, તા. ૧૫/૬/૨૦૧૫
(૧) ટેન્ડર આપવાની તારીખ : ૧૬/૬/૨૦૧૫થી ૨૨/૬/૨૦૧૫
(૨) ટેન્ડર રજી.એ.ડી.થી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦/૬/૨૦૧૫

| એસ.બી. જાદવ | પ્રકાશભાઈ માજીરાણા | એચ.બી. પટેલ | કૈલાશ વિપુલ શાહ |
|---|---|---|---|
| પા.પુ. ઈજનેર, | પા.પુ. ચેરમેન | મુખ્ય અધિકારી | પ્રમુખ |
| ડીસા નગરપાલિકા | ડીસા નગરપાલિકા | ડીસા નગરપાલિકા | ડીસા નગરપાલિકા |